# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **૧૦-૦૨-૨૦૨૪**

- **મહુડી ખાતે માણસા તાલુકા "તાલુકા સંવાદ" યોજાયો**
- **ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા હેમાંગ રાવલ અને પૂર્વ ધારાસભ્ય બાબુજી ઠાકોર સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રદેશ પ્રમુખ શ્રી શક્તિસિંહજી ગોહિલ ની સૂચનાથી આવનારી 2024 લોકસભા ચૂંટણીની તૈયારી ના ભાગ સ્વરૂપે માણસા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા મહુડી ખાતે તાલુકા સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું

તાલુકા સંવાદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા શ્રી હેમાંગ રાવલે ઉપસ્થિત કાર્યકર્તાઓને સંબોધન કરતા જણાવ્યું હતું કે એ.આઈ.સી.સી.ના મહામંત્રી અને ગુજરાત કોંગ્રેસ સંગઠન પ્રભારી આદરણીયશ્રી મુકુલ વાસનીકજી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના આદરણીય પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલ, ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિતભાઈ ચાવડા, ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેષભાઈ પરમાર, એ.આઈ.સી.સી.ના મંત્રીશ્રી રામકિશન ઓઝાજી, શ્રી ઉષા નાયડુજી, શ્રી બી.એમ. સંદીપજીની ઉપસ્થિતિમાં નક્કી થયા મુજબ સમગ્ર ગુજરાતના 249 તાલુકામાં તાલુકા સંમેલન-સંવાદ યોજવામાં ભાગ રૂપે આજે માણસા તાલુકા ખાતે સૌ ભેગા થયા છીએ.

આઝાદી પહેલા અંગ્રેજોનું અન્યાય અને અત્યાચારનું શાસન ચાલતુ હતુ, લોકોનો અવાજ દબાવવો લોકોની સ્વતંત્રતા છીનવાની એ જ પ્રકારનું શાસન આજે અંગ્રેજોને પણ શરમ આવે તે રીતે ચાલી રહ્યું છે. આજના દિવસે આઝાદીની લડતમાં લડતા લડવૈયાઓને પણ યાદ કરવાજ રહ્યાં. મહાત્મા ગાંધીના નેતૃત્વમાં સરદાર વલ્લભભાઈ પટેલ, જવાહરલાલ નહેરુ, સુભાષચંદ્ર બોઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર, મૌલાના અબુલ કલામ સહિત અનેક નામી અનામી સ્વાતંત્ર્ય સેનાનીઓના ત્યાગ અને સમર્પણના કારણે આજે આપણે આઝાદી ભોગવી રહ્યાં છીએ. દેશી રજવાડાઓને એક કરવા માટે થઈને સરદાર વલ્લભભાઈ પટેલે તિરંગાને સન્માન આપ્યું હતું. જ્યારે દેશમાં ટાંકણી પણ નહોતી બનતી ત્યારે દેશમાં નવરત્નોની સ્થાપના કરીને દેશને સ્વાવલંબી બનાવવા માટે દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ તિરંગાને સન્માન આપ્યું હતું. જય જવાન જય કિસાન નો નારો આપી, પાકિસ્તાન સામે પ્રથમ યુદ્ધ જીતીને લાલબહાદુર શાસ્ત્રીએ તિરંગાને સન્માન આપ્યું હતું. પાકિસ્તાનના બે ટુકડા કરીને અને પોખરાણમાં પ્રથમ અણુધડાકો કરી વિશ્વમાં તિરંગાનું નામ ઈન્દિરા ગાંધીએ રોશન કર્યું હતું. ભારતને ૨૧મી સદીમાં લઈ જનાર અને આઈ.ટી. અને ટેકનોલોજીક્રાંતિ લાવીને, ૧૮ વર્ષની ઉંમરે મતદાનનો અધિકાર આપીને રાજીવ ગાંધીએ તિરંગાને સન્માન આપ્યું હતું. આર્થિક ઉદારીકરણની શરૂઆત કરીને પી.વી. નરસિંહારાવે ભારતનો ડંકો વિશ્વમાં પ્રસ્થાપિત કરીને તિરંગાને સન્માન આપ્યું હતું. યુ.પી.એ. અધ્યક્ષા શ્રીમતિ સોનિયા ગાંધી અને વડાપ્રધાનશ્રી મનમોહનસિંહનો સમયગાળો અધિકારોનો દાયકો ગણાય છે. આ દરમ્યાન આર.ટી.આઈ.(માહિતીનો અધિકાર), આર.ટી.ઈ. (શિક્ષણનો અધિકાર), FSA એન.એફ.એસ.એ., આર.ટી.એફ. (અન્નનો અધિકાર), મનરેગા (રોજગારનો અધિકાર), રાઈટ ટુ ફોરેસ્ટ (જંગલના જમીનનો

અધિકાર) દેશની જનતાને સમર્પિત કરીને તિરંગાને સન્માન આપ્યું છે. રાહુલ ગાંધી હંમેશા કહે છે કે, "તિરંગા હી મેરા ધર્મ હૈ" અને એજ દરેક કોંગ્રેસજનની વિચારધારા છે. રાષ્ટ્રપ્રેમ અને તિરંગા પ્રત્યે આદરભાવ એ દરેક કોંગ્રેસીના લોહીમાં વહે છે. આજે જ્યારે દેશમાં નફરત ફેલાવવા માટે દેશ વિરોધી તત્વો જ્યારે તક સાધી રહ્યાં છે ત્યારે દરેક કોંગ્રેસીજન ખેડૂતો માટે, મહિલાઓ માટે, યુવાનો માટે, દલિત, આદિવાસી, ગરીબ - સામાન્ય - મધ્યમવર્ગ માટેના હક્ક અને અધિકારોની રક્ષાકાજે એક નવી આઝાદીની લડાઈ લડવા કટિબધ્ધ છે. રાષ્ટ્રધ્વજને અસ્વિકાર કરનારાઓને આજે રાષ્ટ્રધ્વજને સલામી આપવી પડે એજ વિચારધારાની જીત છે અને આજ કડીમાં શ્રી રાહુલ ગાંધી સમગ્ર

દેશમાં ભારત જોડો યાત્રા ત્યારબાદ ભારત જોડો ન્યાય યાત્રા કરી રહ્યાં છે. જેને અભૂતપૂર્વ પ્રતિસાદ મળી રહ્યો છે. પ્રદેશ કોંગ્રેસ દ્વારા પણ હાથ સે હાથ જોડો યાત્રા દ્વારા કોંગ્રેસની વિચારધારા ઘેર ઘેર પહોંચાડવામાં આવી રહી છે

પૂર્વ ધારાસભ્ય શ્રી બાબુજી ઠાકોરે જણાવ્યું હતું કે ભાજપના શાસનમાં ચારેબાજુ મોઘવારી, ભયંકર બેરોજગારી, આર્થિક અસમાનતા, ધંધા રોજગારમાં ભીષણ મંદી સહીતની મુશ્કેલીઓમાંથી રાહત આપવાને બદલે લોટ, તેલ સહીતની જીવન જરૂરિયાત ચીજવસ્તુઓમાં સતત ભાવ વધારાથી ગુજરાતની જનતા પીસાઈ રહી છે રોજીંદા જીવનજરૂરીયાત ચીજવસ્તુઓના ભાવ આસમાને થયા છે.ખાધતેલના ભાવમાં છેલ્લા ઘણા સમયથી થઈ રહેલા ભાવ વધારાએ સામાન્ય - મધ્યમવર્ગનું બજેટ ખોરવી નાખ્યું છે. ગરીબ, સામાન્ય અને મધ્યમવર્ગે શું ખાવું ?ભાજપ સરકારની નીતિને કારણે રોટી અને રોજગાર ગાયબ થયો છે. હાલમાં આખો દેશ ખાસ કરીને સામાન્ય - મધ્યમ વર્ગ ભાજપ સરકારની રીતિ અને નીતિઓથી ચિંતિત છે. સામાન્ય માણસની મહેનતની બચતના ખર્ચે તેમના નજીકના મિત્રો અને પસંદગીના અબજોપતિઓને ફાયદો થાય તેવી નીતિ અપનાવી રહી છે. ગુજરાત કોંગ્રેસનો કાર્યકર્તા મંદી, મોંઘવારી, બેરોજગારી, ખેડૂતોના પ્રાણ પ્રશ્નો લઈને લોકો વચ્ચે જઇને વાસ્તવિક્તા નું ચિત્રણ કરશે.

ઉપરોક્ત તાલુકા સંવાદમાં અશોકસિંહ વાઘેલા,ભાવિનસિહ ઠાકોર, ગાભુસિંહ રાઠોડ, કાળુસિંહ રાઠોડ,નાથુસિહ મકવાણા, શોભનાબેન પટેલ, ગિરવતસિંહ ચાવડા , દીપકભાઈ ચૌધરી, શારદાબા રાઠોડ,રમેશચંદ્ર પરમાર,પ્રવીણસિંહ રાઠોડ, નાથાજી ઠાકોર બોરુ, રાયમલજી ઠાકોર, પૃથ્વીસિંહ રાઠોડ-પ્રમુખશ્રી માણસા તાલુકા કોંગ્રેસ સમિતિ, મહિપાલસિંહ વાઘેલા-પ્રમુખશ્રી માણસા શહેર કોંગ્રેસ સમિતિ, યુવરાજસિંહ ઠાકોર-યુથ કોંગ્રેસ પ્રમુખ માણસા, રતનજી ઠાકોર-ઓબીસી પ્રમુખ માણસા, રામભાઈ પરમાર- આ.નુ.જાતિ.ચેરમેન, માણસા તાલુકા કોંગ્રેસના જિલ્લા તથા તાલુકા પંચાયતના ચૂંટાયેલા પ્રતિનિધિઓ તેમજ મહેસાણા લોકસભા સીટમાં સમાવિષ્ટ ગામોના આગેવાનો તેમજ કાર્યકરો તથા તાલુકાના જુદા જુદા ફ્રંટલ ઓર્ગેનાઇઝેશનના વડા અને આગેવાનશ્રીઓ સહિત મોટી સખ્યાંમાં કાર્યકર્તાઓએ ઉપસ્થિત રહી આવનારી લોકસભા ચૂંટણી જીતવા સંકલ્પ કર્યો હતો

**હેમાંગ રાવલ**
**પ્રવક્તા**
**ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ**